"Driving Salamat To Jivan Salamat"

**અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન**

**Akhil Gujarat Truck Transport Association**

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,
શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple,
Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(M) 99250 25148

Exec. President :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516
(M) 98240 39477

Hon. Secretary :
SHRI HASMUKHBHAI N. BHAGDEV
(Rajkot)
(O) 0281-2460837 (O) 0281-2482185
(F) 0281-2482186 (M) 93773 56801

રેફ.નં. : એ.જી.ટી.ટી.એ./૨૦૨૨-૨૩/૧૭ તા.૦૬-૦૯-૨૦૨૨

ખાસ જરૂરી

પ્રતિશ્રી,
**માન.શ્રી આશીષ ભાટિયા સાહેબ (આઈપીએસ)**
ડાયરેકટર જનરલ ઓફ પોલીસ (ડી.જી.પી.)
અને મુખ્ય પોલિસ અધિકારીશ્રી
પોલિસ ભવન, ગાંધીનગર.

**<u>વિષય :- નેશનલ હાઈવે ૪૮ (એન.એચ.૮) ઉપર ફસ્ટ લેનમાં ચાલતાં કે ઓવરટેક કરતા કોમર્શીયલ વાહનોની રોક ઉપર બહાર પાડવામાં આવેલા જાહેરનામાં અંગે મીટીંગ માટે સમય આપવા બાબત</u>**

માનનીયશ્રી,

સવિનય જણાવવાનું કે ઉપરોકત બાબતે ૨૦૨૦માં સુરતથી વાપી સુધીના રસ્તા ઉપર કડક નિયમન જાહેર થયેલ અને તે બાબતે અમારી સંસ્થાના પ્રતિનિધિઓએ સુરત રેન્જ આઈજીની કચેરીમાં ત્રણેક વખત મીટીંગમાં હાજરી આપેલ અને તે અંગે હાઈવે ચાલકોમાં શિસ્ત બાબતે સુરતથી વાપી સુધી જે-તે પોલીસવડાઓની હાજરીમાં મીટીંગ કરેલ તેમજ તે વિસ્તારમાં આવેલ એસોસીએશનોમાં જાણકારી આપેલ અને તે બાબતનું સંકલન કરી હિન્દી તેમજ ગુજરાતી ભાષામાં સ્ટીકરો છપાવી હાઈવે ઉપર વિતરણ કેમ્પ કરેલ.

હમણાં થોડા વખત ઉપર ભરૂચ ટ્રાફિક વિભાગ દ્વારા આ બાબતના નિયમોની નોટીસ પત્રિકા દ્વારા આપવામાં આવેલ અને સાથે સાથે જણાવેલ કે પકડાયેલા વાહનોની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. જેમાં રૂ.૫૦૦૦/- સુધીનો દંડ અને કોર્ટમાંથી જામીન લઈ ડ્રાઈવર તેમજ ગાડીના છુટકારાની વિગતો જણાવેલ.

ઉપરોકત વિષયે આપશ્રીનું અમારે ખાસ ધ્યાન દોરવાનું કે રાજયમાં ટ્રાફિક અને તેના નિયમો અંગે અમારી સંસ્થા ખુબ જ સજાગ છે અને તે અંગે દરેક વિભાગો સાથે કદમ મીલાવી કાયદો અને વ્યવસ્થાના અમલીકરણ અંગે કટીબધ્ધ છે.

ઉપરોકત બાબતે અમોએ આપને તા.૦૭-૦૭-૨૦૨૨ના રોજ પત્ર લખેલ જેની સાથે ૨૦૨૦માં સુરત રેન્જ આઈજી સાહેબ સાથેની કરેલ કાર્યવાહીના તા.૦૧-૧૦-૨૦૨૦ તેમજ તા.૧૭-૧૦-૨૦૨૦ના પત્ર આપના અભ્યાસ અર્થે મોકલી આપેલ. જે આ સાથે સામેલ રાખેલ છે.

અમને આશા છે કે અમારી ઉપરોકત અરજને ધ્યાનમાં લઈ યોગ્ય માર્ગદર્શન મેળવવા અને રૂબરૂ ચર્ચા કરવા અમોને યોગ્ય તારીખ અને સમય આપશોજી. (મીટીંગ માટે ત્રણ દિવસ અગાઉ જાણ કરવા વિનંતી જેથી બહારગામથી આવતા અમારા સભ્યશ્રીઓ મીટીંગમાં હાજર રહી શકે.

આપના સહકારની અપેક્ષા સહ

આપના વિશ્વાસુ,

**મુકેશભાઈ સી. દવે**
(કાર્યકારી પ્રમુખ)

**હસુભાઈ એન. ભગદેવ**
(માનદમંત્રી)

સામેલ : ઉપરોકત મુજબ